વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# PANCHSHIL

અંક : 129 | વર્ષ : 12 | ઓગષ્ટ : 2024 | પેઈજ : 25

સંપાદક : ડૉ. ડી. કે. વાડોદરિયા | સંયોજક : સાક્ષી વાડોદરિયા




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. | મો: 8866110011

web: www.panchshilschool.edu.in | Email: info@panchshilschool.edu.in

# સાઈકલ



ઉલ્લાસપુર નામના ગામમાં રહેતા નાનકડા પરિવારની આ વાત છે. પંખીના માળા જેવડા પરિવારમાં ત્રણ જ સદસ્ય. મોહનભાઈ અને યશોદાબેન નામનું પ્રેમાળ અને સંસ્કારી દંપતિ અને તેમને જીવથીયે વધુ વ્હાલો દીકરો સંજય. મોહનભાઈ પાસે એક નાનકડું ખેતર હતું અને થોડી ગાયો–ભેંસો. થોડા માણસો રાખી મોહનભાઈ ખેતરનું અને ગાયો ભેંસોનું ધ્યાન રાખે અને એ અનાજ અને દૂધના કારોબારથી એમનું ગુજરાન સારી રીતે ચાલતું.

મોહનભાઈ અને યશોદાબેનને ચિંતા રહેતી તો એક જ બસ! સંજુની હાજરીમાં સંજયને બધા સંજુ કહીને બોલાવતા. સંજુ હજુ તો સાતમાં ધોરણમાં જ ભણતો હતો પણ એ ખૂબ જ જીદી હતો. શાળામાં કોઈપણ પાસે કંઈક નવું જોવે એટલે તેને તે લેવું જ હોય. યશોદાબેન અને મોહનભાઈ એને હંમેશા જરૂરિયાતથી વધુ વસ્તુઓ અપાવતા પણ એ તેને કયારેય પુરી પડતી નહીં એની જીદ કાયમ ઊભી રહેતી. અન્ય બાળકો સાથેની સરખામણીના કારણે એ કાયમ દુઃખી રહે અને પોતાના મમ્મી પપ્પાની મહેનતની કિંમત ન કરી શકે.

આજે ફરી એવું થયું, સંજુ સ્કૂલમાં કોઈની નવી સાઈકલ જોઈને આવ્યો ને એને એવી જીદ પકડી કે એને એવી જ સાઈકલ જોઈએ. યશોદાબેને એને ખુબ સમજાવ્યો કે બેટા તારી સાઈકલને હજુ માંડ એક જ વર્ષ થયું છે એ નવી જ છે. પણ સંજુ એકનો બે ન થયો અને બપોરે રિસાઈને જમ્યા વગર જ સૂઈ ગયો. મોહનભાઈએ યશોદાબેનને કહ્યું કે એને સાઈકલ અપાવી દઈએ કેટલું રડતો હતો. યશોદાબેન જાણતાં હતાં કે આમ તેની બધી જીદ પૂરી કરવી યોગ્ય નથી. હવે સંજુને સમજાવવા કંઈક તો કરવું જ પડશે અને યશોદાબેને સંજુને સમજાવવા એક યુકિત વિચારી.

યશોદાબેન સંજુને કહ્યું કે બેટા કાલે આપણે એક જગ્યાએ ફરવા જવાનું છે અને પછી તને નવી સાઈકલ પણ અપાવવાની છે. સંજુ તો બબ્બે ખુશખબર સાંભળીને મોજમાં આવી ગયો. યશોદાબેન કહ્યું નહીં કે ફરવા કયાં જવાનું છે.

બીજા દિવસે યશોદાબેન અને સંજુની સવારી ઉપડી ફરવા. યશોદાબેન એને બાજુના ગામમાં ફરવા લઈ ગયા. સંજુને તો એમ કે મમ્મી કોઈ બગીચામાં કે મંદિરે ફરવા લઈ જશે પણ સંજુના આશ્ચર્ય વચ્ચે મમ્મી તેને કોઈના ઘરે લઈ ગયા. એ ખખડધજ ઘર હતું એમને ત્યાં ખેતરમાં કામ કરતા ખેતમજુર ભુરાભાઈનું એ ઘર હતું. ભુરો તો બિચારો શેઠાણી આવ્યા શેઠાણી આવ્યા કરતો હતો જાણે કોઈ મંત્રી એમના ઘરે ન આવ્યા હોય. એની વહુ લખમીને એને કહી દીધું જલ્દી ચા બનાવી લાવ. બિચારો ભુરો અને લખમી બેઉ શેઠાણીને જોઈને ઘાંઘાવાંઘા થઈ ગયા. સંજુ તો એકી નજરે આ ઘર જોઈ રહયો. આજુબાજુ બધે જ થીગડાં. જાણે આ ઘરે કોઈ દિવસ દિવાળી જોઈ જ ન હોય એટલો જુનો રંગ. ઘરમાં ટીવી કે ફ્રીજ જેવું કંઈ જ નહીં.

# સાઈકલ







ભુરાને એક છોકરો એનું નામ મહેશ. યશોદાબેને જાણી જોઈને સંજુને કહયું કે બેટા જા મહેશ જોડે રમ. એના ચોપડાં જો એના રમકડાં જો. સંજુ અને મહેશ સાથે રમવા લાગ્યા. મહેશ સંજુને એના રમકડાં બતાવે, તેમાં સોડા બોટલના બિલ્લા, માચીસની છાપ, લખોટીઓ, પ્લાસ્ટીકના ડબ્બા બધું જ બતાવે. સંજુ મહેશ ના ચોપડા જોઈ રહયો એક ચોપડી નવી નહીં બધી જ વપરાઈ ગયેલી. સંજુએ પુસ્તકો પર નામ જોયું રાહુલ. કુતુહલવશ મહેશને પુછયું આમાં નામ કેમ રાહુલ લખ્યુ છે ? મહેશે જવાબ આપ્યો કે એ અમારા ગામના શેઠનો દીકરો છે તેના ચોપડાં છે એ મારાથી એક વર્ષ મોટો છે એટલે હું તેના ચોપડાં વાપરું છું. આજે સંજુને સમજાયું કે તેના મમ્મી પપ્પા તેને કેટલું આપે છે અને તેનું કેટલો ખ્યાલ રાખે છે. કેટલું સારું સારું જમવાનું, નવા નવા પુસ્તકો, નવા કંપાસ બોકસ, નવા કપડા બધું જ, બીજા બાળકો કેવી પરિસ્થિતિમાં પણ હસતા હસતા જીવી રહ્યાં છે જેમની પાસે જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ પૂરતી નથી. એના ગળે ડુમો બાજયો. એની નજર સાવ જુની અને કટાય ગયેલી સાઈકલ ઉપર પડી. સંજુએ મહેશને પુછયું કે આ સાઈકલ તારી છે ? આવડી મોટી ? મહેશે જવાબ આપ્યો ના ના આ તો મારા પપ્પાની સાઈકલ છે મારી પાસે સાઈકલ નથી. હવે સંજુની આંખ ભીની થઈ.

યશોદાબેને કહ્યું હવે ભુરાભાઈ રજા લઈએ. સંજુ અને મહેશ પણ છુટા પડયાં મહેશ કયાંય સુધી સંજુને આવજો કહી હાથ હલાવતો હતો. રસ્તામાં સંજુએ યશોદાબેનને કહયું કે મારી નવી સાઈકલ નથી જોઈતી. હું જીદ નહીં કરૂં પણ હવે આપણે જયારે નવી સાઈકલ લઈશું ત્યારે જુની સાઈકલ મહેશને આપી દઈશું હો. યશોદાબેને હસતા હસતા હા પાડી. સંજુ જેવો ઘરે આવ્યો કે આંગણે નવી સાઈકલ જોઈ. પપ્પા એના માટે નવી સાઈકલ લઈ આવ્યા હતા. સંજુ પપ્પાને બથ ભરી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. સંજુને પોતાની નવી સાઈકલ આવવા કરતાં મહેશને પણ સાઈકલ મળશે તેનો આનંદ વધુ હતો.

## પૃથ્વી પર પ્લાસ્ટિકનું પ્રદૂષણ કયાં સુધી પહોંચી ગયું છે ?



પ્રદૂષણ માત્ર ફેકટરીઓનાં ધૂમાડાથી થાય છે એવું નથી, પરંતુ લોકોની રોજ–બરોજની ખરાબ આદતો પણ તેના માટે જવાબદાર હોય છે. જેના ભયંકર પરિણામો આવે છે. લોકોમાં ખાસ કરીને ભારતના લોકોને પ્લાસ્ટિકની બેગોને ઉપયોગ બાદ ગમે ત્યાં ફેંકી દેવાની આદત છે. આ પ્લાસ્ટિકનો ઝડપથી નાશ થતો નથી અને તેના પરિણામે તે ગાય જેવા મૂંગા પશુઓના પેટમાં જાય છે અને ઘણીવાર તે તેના માટે જીવલેણ નીવડે છે.



આ ઉપરાંત, પ્લાસ્ટિકની બેગોને કચરામાં, રસ્તા પર, ગટર વગેરે જગ્યાએ ફેંકી દેવામાં આવે છે. ત્યાર બાદ વરસાદ પડે ત્યારે આ કચરાને લીધે પાણીનો નિકાલ થતો નથી અને આપણે દોષ સરકારી તંત્રનો કાઢતા હોઈએ છીએ.



આ પ્લાસ્ટિકની વાત અહીં સુધી જ અટકતી નથી. તાજેતરમાં થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સમુદ્રની અંદર ઊંડે રહેલા જીવોના પેટમાં પણ પ્લાસ્ટિક મળી આવે છે કારણ કે લોકો નદીમાં પ્લાસ્ટિક ફેંકે છે જે તેનાં વહેણની સાથે સમુદ્રમાં જાય છે. આ અંગે ન્યુકાસ્ટલ યુનિવર્સિટીના શોધકર્તાઓને કરેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પ્રશાંત મહાસાગરમાં ઊંડાણમાં આવેલ પ્રાણીઓના પેટ ફાઈબરથી પ્રદૂષિત હતાં.

જેમાં ફાઈબર પ્લાસ્ટિકની બોટલો, પેકેટ અને સિન્થેટિક કપડામાંથી ઉદ્‌ભવેલા હતાં. આ અભ્યાસનું નેતૃત્વ કરનાર ડો. એલન જેમીશે કહ્યું હતું કે તથ્યો ચોંકવનારા હતા અને તેનાથી સાબિત થાય છે કે પૃથ્વી પર કોઈ જગ્યા પ્લાસ્ટિક પ્રદૂષણથી મુકત નથી. વિજ્ઞાનીઓને પુરાવાઓ મળ્યા છે કે નળના પાણીનાં નમૂનાઓમાં ૮૩% જેટલું પ્લાસ્ટિક જોવા મળ્યું હતું. એક અન્ય અભ્યાસમાં ખડકાળ મીઠું અને માછલીઓમાં પ્લાસ્ટિક જણાયું હતું. સમુદ્રમાં સૌથી ઊંડી જગ્યા એટલેકે ૧૧ કિ.મી.માં પણ માઈક્રોપ્લાસ્ટિક મળી આવે છે.

**એક મિત્ર તેમના ડાયાબીટીસની ચિકિત્સા માટે અમુક જાતના લાકડાના પ્યાલામાં રાતભર રાખેલું પાણી સવારે નરણા કોઠે પીએ છે. આ જાતના પાણીમાં એવો કયો ગુણધર્મ હોય કે ડાયાબિટિસને મટાડી દે ?**



સવાલ Malabar Kino નામના વૃક્ષને લગતો હોવાનું સ્પષ્ટપણે જણાય છે, કેમ કે એ જ વૃક્ષના લાકડાનો ડાયાબિટિસ સાથે આયુર્વેદિક સંબંધ જોડવામાં આવ્યો છે. એલોપેથીમાં તેને ખાસ મહત્વ અપાયું નથી. વૃક્ષનું શાસ્ત્રીય નામ Pterocarpus marsupium છે. અંગ્રેજીમાં તેને Kino અને સંસ્કૃતમાં બીજેફ અથવા તો પિતસાર કહે છે. ગુજરાતી તથા હિંદી નામ વિજયસાર છે. કર્ણાટકમાં અને કેરળમાં તે વૃક્ષોનો વ્યાપક ફેલાવો છે.

આજથી ૨૦૦૦–૨૪૦૦ વર્ષ પહેલાં મહર્ષિ સુશ્રુતે અને મહર્ષિ ચરકે તેમના ગ્રંથોમાં વિજયસારના ગુણધર્મોનો તથા ઔષધીય ગુણોનો વિસ્તૃત પરિચય આપ્યો. વિજયસારને તેમણે મેદોહર (શરીરનો મેદ અર્થાત ચરબી ઘટાડનારું) રસાયણ (વયોવૃદ્ધિને મંદ પાડનારું) તથા મેહા (મધુપ્રમેહને અંકુશિત રાખનારું) લેખાવ્યું છે. વિશેષ ભાર તેમણે મધુપ્રમેહ / diabete( રોગના વિજયસાર દ્વારા થતા દમન પર મૂકયો છે.

પ્રાચીનકાળથી વિજયસારના ઔષધીય ગુણો વિશે આપણે ત્યાં ઘણું બધું લખાયું–કહેવાયું છે, પણ તેના વિશે ચોકસાઈપૂર્વકનું વિશ્લેષાત્મક સંશોધન થયું નથી. બીજી તરફ પ્રાચીન ભારતના પ્રબુદ્ધ આયુર્વેદાચાર્યોએ સર્પગંધા, હરિતકી, કુંવારપાઠું, બ્રાહ્મી, અશ્વગંધા તથા બીજી વનસ્પતિઓની જેમ વિજયસારની લાક્ષણિકતાઓનું વિધિવત પરીક્ષણ કર્યા પછી જ મધુપ્રમેહ પર તેની સકારાત્મક અસરો વિશે અભિપ્રાય બાંધ્યો હોય તેમ માની લેવું રહ્યું.

આ વૃક્ષના લાકડાને યંત્ર વડે કોતરી અને યોગ્ય માપે પાણી તેમાં સમાય એવો ઘાટ આપી પ્યાલા બનાવાય છે. ડાયાબીટીસના જે દરદીઓને વિજયસારના ગુણો પર શ્રદ્ધા હોય તેઓ રાત્રે તેમાં પાણી ભરી રાખે છે. સવાર થતા સુધીમાં પાણી કાષ્ઠ રંગનું બન્યું હોય છે, એટલે લાકડાનું કેટલુંક દ્રવ્ય તેમાં ભળ્યું હોવાનું ધારી શકીએ. આ પાણી ડાયાબિટિસને નિર્મૂળ કરી દે એવો ઉલ્લેખ ચરકસંહિતામાં કે સુશ્રુતસંહિતામાં કયાંય નથી. રોગ ફકત નિયંત્રણમાં રહે છે. સકારાત્મક અસર ફકત એટલી થાય તો પણ એ પૂરતું છે.

પૂરક માહિતી: ડાયાબિટિસના Type 1 તથા Type 2 એમ બે પ્રકારો છે. Type 1 હોય ત્યારે પેન્ક્રિઆસ ઈન્સ્યૂલિન બનાવતું નથી. Type 2 માં ઈન્સ્યૂલિન બને, પણ જરૂરી માત્રામાં નહિ. ઉપરાંત ઈમ્યૂન સિસ્ટમ તેને અવરોધે છે.

## ઘણા વખત અગાઉ જેનો ભેટો થયો હોય એ વ્યકિતનું કે સ્થળનું નામ યાદ કરવા ખૂબ મથ્યા છતાં સ્મરણ થતું નથી, પણ કયારેક વગર પ્રયાસે અડધી રાત્રે કેમ સૂઝી આવે છે ?



મગજની કેટલીક ગતિવિધિઓ મનોવિજ્ઞાનીઓના મગજમાં બેસતી નથી, માટે અનુમાનો વડે તેમણે કામ ચલાવ્યું છે. અલબત, વિચારપૂર્વકનો તર્ક એ ધારણાઓના પાયામાં હોય છે. એક જાણીતી ધારણા અનુસાર સભાન / conscious મન તથા અચેતન / unconscious મન તરફ આપણા વિચારોને દોરી જતી કેડીઓ / Pathways એકમેક કરતા જુદી છે. વિચારોને 'ખોટી' કેડીએ એટલે કે જવાબ તરફ ન દોરી જતી કેડીએ આગળ ધપાવ્યે રાખો તો સાચી કેડી 'સાઈડલાઈન' માં મૂકાય છે. આ સાચા pathway ના છેવાડે રહેલું વ્યકિતનું કે સ્થળનું નામ ખબર હોય, પણ ત્યાં સુધી પહોંચાય નહિ. ખોટી કેડી તે pathway પર ચડી બેસી તેને દાબી નાખે છે.

આ ભારણ દૂર ન થાય ત્યાં સુધી નામનું સ્મરણ થતું નથી. કલાકો બાદ રાત્રે યાદદાસ્તને ઢંઢોળવાના પ્રયાસો ન કરતા હો ત્યારે અભાન મન તરફનું બંધ ફાટક જાણે કે ખૂલે છે અને વગર પ્રયાસે નામ યાદ આવી જાય છે.


આ માત્ર ધારણા છે, પણ તાર્કિક જણાય છે.

## ચશ્માંની અવેજીમાં હમણાં મેં કોન્ટેકટ લેન્સ વાપરવાનું શરૂ કર્યું છે. કોઈ વાર લેન્સ સરકીને આંખમાં ડાબી કે જમણી તરફ ઘૂસી જાય અને ત્યાં ફસાયેલો રહે એવું બની શકે ?



કોન્ટેકટ લેન્સ અપનાવ્યા પછી શરૂ શરૂમાં કેટલાક જણાને આવો પ્રશ્ન થતો હોય છે. આંખની રચના સદ્‌ભાગ્યે એવી છે કે લેન્સને ડાબી તરફ કે જમણી તરફ સરકવા ન દે અને છતાં રખે સરકી જાય તો તેને ફરી યથાસ્થાને લાવી દે. કન્જેકિટવા / conjective નામના ગુલાબી નરમ ટીશ્યૂ આંખનાં પોપચાં અને ડોળા વચ્ચે પાતળો સરખો ગાળો / pocket એટલે કે/ gap રચે છે. કોન્ટેકટ લેન્સ તેમાં સરસ રીતે બંધબેસતા આવી જાય છે. આ નજીવા પોલાણનો ઘાટ બિલકુલ એવો કે જે કોન્ટેકટ લેન્સનો હોય છે. કવચિત્ (માત્ર કવચિત્) 'સ્થાનભ્રષ્ટ' થતા લેન્સને તેમની યોગ્ય જગ્યાએ લાવવામાં આંસુ મદદરૂપ બનતાં હોય છે.

# ઓલિમ્પિક રમતોત્સવ



ઓલિમ્પિક રમતોત્સવ : આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતો રમતોનો સ્પર્ધાત્મક ઉત્સવ. ઓલિમ્પિક રમતોના ઉદભવ વિશે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. છતાં લિખિત નોંધને આધારે પ્રાચીન ઓલિમ્પિક રમતોત્સવની શરૂઆત ઈ.પૂ.776માં થઈ હતી. ઈ.સ.393 સુધી તે સમયાંતરે યોજાતી રહી. આ રમતોત્સવ દર ચાર વર્ષે ગ્રીસમાં ઓલિમ્પિસ પર્વતની તળેટીમાં ઓલિમ્પિયાના મેદાનમાં યોજાતો હતો. તેથી તેનું નામ 'ઓલિમ્પિયન' પડયું હતું. આ 'ઓલિમ્પિયન' શબ્દ ઉપરથી હાલનો 'ઓલિમ્પિક' ઊતરી આવ્યો છે. પ્રથમ સ્પર્ધાનું મેદાન 643' X 97' જેટલું હતું જેની આજુબાજુ 40,000 પ્રેક્ષકો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. પ્રથમ રમતોત્સવમાં એલિસનો યુવાન કોરોબસ વિજેતા થયો હતો. શરૂઆતમાં આ રમતોત્સવ ઘણી જ સાદાઈથી યોજાતો હતો અને વિજેતાઓને પવિત્ર ઓલિવ વૃક્ષની ડાળીઓના તાજ બનાવીને પહેરાવવામાં આવતો હતો. તે જમાનામાં સ્ત્રીઓ માટે આ રમતોત્સવમાં ભાગ લેવાની તેમજ તે જોવાની મનાઈ હતી. પ્રાચીન ઓલિમ્પિક રમતોત્સવ 600 વર્ષથી પણ વધુ સમય સુધી યોજાયો હતો. પછી ધીમે ધીમે આ રમતોત્સવમાં રમત પ્રત્યેની સદભાવનાનો લોપ થવાથી. નૈતિકતાનું ધોરણ નીચું જવાથી અને ધંધાદારી સ્પર્ધકોનો પ્રવેશ થતાં આ રમતોત્સવને ઈ.સ.375માં રોમન શહેનશાહ થીયો ડોસિયસે બંધ કર્યો.

આધુનિક ઓલિમ્પિક રમતોત્સવ શરૂ કરવાનું શ્રેય ફ્રેંચ ઉમરાવ બેરન દ. કુબરટિનને ફાળે જાય છે. તે ચોકકસપણે માનતા કે આ રમતોત્સવ આંતરરાષ્ટ્રીય મૈત્રી અને શાંતિ સ્થાપવામાં ખૂબ જ અસરકારક નીવડશે. ઓલિમ્પિક રમતોત્સવના ઉત્થાન માટે તેમણે પોતાની યોજના 1892 ના નવેમ્બરની 25મી તારીખે પેરિસમાં યોજાયેલ ફ્રેંચ યુનિયનની ખેલકૂદ સભામાં રજૂ કરી. 1894માં તેમણે પેરિસમાં એક આંતરરાષ્ટ્રીય અધિવેશન બોલાવ્યું. આ અધિવેશનમાં 13 દેશો હાજર હતા અને બીજા 21 દેશોએ સંમતિ મોકલી હતી. આ અધિવેશનમાં પ્રતિ ચાર વર્ષે ગ્રીક ઓલિમ્પિક રમતોના ધોરણે વિશ્વ ઓલિમ્પિક ઉત્સવ યોજવાનું નકકી થયું અને તે પ્રમાણે 1896ની છટ્ઠી એપ્રિલે એથેન્સ મુકામે પ્રથમ આધુનિક ઓલિમ્પિક રમતોત્સવનો પ્રારંભ થયો.

કુબરટિને પોતે ઓલિમ્પિક ધ્વજની રૂપરેખા તૈયાર કરી. એમાં શ્વેત કાપડ (શ્વેત રંગ શાંતિનો સૂચક છે.) ઉપર લાલ, લીલા, પીળા, વાદળી અને કાળા રંગના પાંચ વર્તુળ એકબીજામાં સાંકળીને ડબલ્યુ આકારે દર્શાવવામાં આવ્યાં છે. આ પાંચે વર્તુળ યુરોપ, અમેરિકા, એશિયા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા ખંડના સૂચક છે. આ વર્તુળોની નીચે ઓલિમ્પિકનો મુદ્રાલેખ લેટિન ભાષામાં ત્રણ શબ્દોમાં લખાયો છે.

વધુ ઊંચે કૂદવાની અને વધુ તાકાતથી ફેંકવાની પ્રેરણા તેમાં અભિપ્રેત છે. આ ધ્વજ પહેલવહેલો 1920માં એન્ટવર્ષમાં ફરકાવવામાં આવ્યો હતો.

સ્પર્ધાઓના ઉદ્‌ઘાટન પ્રસંગે 'ઓલિમ્પિક ગીત' વગાડવામાં આવે છે. તથા ખેલાડીઓના નૈતિક અને માનસિક રીતે આ રમતોત્સવની ભાવના અને પવિત્રતા સમજે તેટલા માટે બધા જ ખેલાડીઓ આ પ્રસંગે 'પ્રતિજ્ઞા' લે છે. આ પ્રતિજ્ઞાવાચનની પ્રણાલિકા પણ 1920માં એન્ટવર્ષમાં મુકામે યોજાયેલા રમતોત્સવથી શરૂ થઈ છે. યજમાન દેશનો ઉત્તમ ખેલાડી બધા વતી શપથ ગ્રહણ કરે છે. 1936માં બર્લિન મુકામે યોજવામાં આવેલા અગિયારમા ઓલિમ્પિક રમતોત્સવમાં સૌપ્રથમ 'આતશ' (olympic flame) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લોકોનો આવકાર મળતાં આ વિધિ કાયમી બની. આ આતશજયોત રમતોત્સવ દરમિયાન સન્માન સાથે જલતી રાખવામાં આવે છે. ઓલિમ્પિક રમતોત્સવની પૂર્ણાહૂતિ વખતે ભાવપૂર્વક તેને ઓલવવાની ક્રિયા સાથે આગામી ઓલિમ્પિક કયાં યોજાશે તેની જાહેરાત કરવામાં આવે છે.

# ઓલિમ્પિક રમતોત્સવ

ઓલિમ્પિક રમતોત્સવના ઉદ્‌ઘાટન અને પૂર્ણાહૂતિ સમારંભ ઓલિમ્પિક શિષ્ટાચાર (protocol) નું પાલન કરવાનું હોય છે. ઉદ્‌ઘાટન પ્રસંગે બધા દેશો વર્ણાનુક્રમે ગોઠવાઈને કૂચ કરે છે. ગ્રીસ તથા યજમાન દેશ તેમાં અપવાદ છે. રમતોત્સવના સ્થાપક તરીકે ગ્રીસ કૂચમાં હંમેશા મોખરે હોય છે. અને યજમાન દેશ સૌથી છેલ્લે હોય છે. જે સ્થળ ઉપર રમતોત્સવનું ઉદ્‌ઘાટન થયું હોય તે જ સ્થળ ઉપર પૂર્ણાહૂતિ સમારંભ રાખવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખ રમતોત્સવના સમાપનની સત્તાવાર જાહેરાત કરે છે.

સમગ્ર ઓલિમ્પિક રમતોત્સવનું સંચાલન આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ કરે છે. તે સંપૂર્ણ રીતે બિનરાજકીય સંસ્થા છે. ઓલિમ્પિક સિધ્ધાંતોની રક્ષા કરીને આ રમતોત્સવનું વિશ્વકક્ષાએ નિયમન પણ આ સમિતિ કરે છે. આ સમિતિના સભ્ય થવાનું પ્રથમ બહુમાન ભારતના સર દોરાબજી જમશેદજી તાતાને 1920માં મળ્યું હતું. ત્યારબાદ આજ સુધીમાં જી.ડી. સોંધી, રાજા ભલિન્દરસિંઘ અને અશ્વિનીકુમારને આ બહુમાન પ્રાપ્ત થયું છે.

| અનું. | વર્ષ | સ્થળ | દેશ | તારીખો |
|---|---|---|---|---|
| 1 | 1896 | એથેન્સ | ગ્રીસ | 6-215 એપ્રિલ |
| 2 | 1900 | પેરિસ | ફ્રાન્સ | 20 મે - 28 ઓકટોબર |
| 3 | 1904 | સેન્ટલુઈસ | અમેરિકા | 1 જુલાઈ - 28 નવેમ્બર |
| 4 | 1908 | લંડન | ઈંગ્લેન્ડ | 27 એપ્રિલ - 31 ઓકટોબર |
| 5 | 1912 | સ્ટોકહોમ | સ્વીડન | 5 મે - 22 જુલાઈ |
| 6 | 1916 | બર્લિન | જર્મની | પ્રથમ વિશ્વયુધ્ધને કારણે રદ |
| 7 | 1920 | એન્ટવર્પ | બેલ્જિયમ | 20 એપ્રિલ - 12 સપ્ટેમ્બર |
| 8 | 1924 | પેરિસ | ફ્રાન્સ | 4 મે - 27 જુલાઈ |
| 9 | 1928 | એમ્સ્ટર્ડમ | નેધરલેન્ડ્ઝ | 17 મે - 12 ઓગસ્ટ |
| 10 | 1932 | લોસ એન્જિલસ | અમેરિકા | 30 જુલાઈ - 14 ઓગસ્ટ |
| 11 | 1936 | બર્લિન | જર્મની | 1 - 16 ઓગસ્ટ |
| 12 | 1940 | ટોકિયો | જાપાન | દ્વિતિય વિશ્વયુધ્ધને કારણે રદ |
| 13 | 1944 | લંડન | ઈંગ્લેન્ડ | દ્વિતિય વિશ્વયુધ્ધને કારણે રદ |
| 14 | 1948 | લંડન | ઈંગ્લેન્ડ | 27 જુલાઈ - 14 ઓગસ્ટ |
| 15 | 1952 | હેલ્સિન્કી | ફિનલેન્ડ | 19 જુલાઈ - 3 ઓગસ્ટ |
| 16 | 1956 | મેલબોર્ન | ઓસ્ટ્રેલિયા | 1 - 16 જૂન |
| 17 | 1960 | રોમ | ઈટાલી | 25 ઓગસ્ટ - 11 સપ્ટેમ્બર |
| 18 | 1964 | ટોકિયો | જાપાન | 10 - 24 ઓકટોબર |
| 19 | 1968 | મેકિસકો સિટી | મેકિસકો | 12 - 27 ઓકટોબર |
| 20 | 1972 | મ્યૂનિક | પ. જર્મની | 26 ઓગસ્ટ - 10 સપ્ટેમ્બર |
| 21 | 1976 | મોન્ટ્રિયલ | કેનેડા | 17 જુલાઈ - 1 ઓગસ્ટ |
| 22 | 1980 | મોસ્કો | રશિયા | 19 જુલાઈ - 3 ઓગસ્ટ |
| 23 | 1984 | લોસ એન્જિલસ | અમેરિકા | 28 જુલાઈ - 12 ઓગસ્ટ |
| 24 | 1988 | સિઓલ | દક્ષિણ કોરિયા | 17 સપ્ટેમ્બર - 2 ઓકટોબર |
| 25 | 1992 | બાર્સેલોના | સ્પેન | 25 જુલાઈ - 8 ઓગસ્ટ |
| 26 | 1996 | એટલાન્ટા | અમેરિકા | 19 જુલાઈ - 4 ઓગસ્ટ |
| 27 | 2000 | સિડની | ઓસ્ટ્રેલિયા | 15 સપ્ટેમ્બર - 1 ઓકટોબર |
| 28 | 2004 | એથેન્સ | ગ્રીસ | 13 ઓગસ્ટ - 29 ઓગસ્ટ |
| 29 | 2008 | બેજિંગ | ચીન | 8 ઓગસ્ટ - 24 ઓગસ્ટ |
| 30 | 2012 | લંડન | બ્રિટન | 27 જુલાઈ - 12 ઓગસ્ટ |
| 31 | 2016 | રિયો | બ્રાઝિલ | 5 ઓગસ્ટ - 21 ઓગસ્ટ |
| 32 | 2020 | ટોકયો | જાપાન | 23 જુલાઈ (2021) - 8 ઓગસ્ટ (2021) |
| 33 | 2024 | પેરિસ | ફ્રાન્સ | 26 જુલાઈ - 11 ઓગસ્ટ |

# મોન્સુન

કાલિદાસે પોતાની રચના 'મેઘદૂત' માં એક પંકિત લખી.

*'આષાઢસ્ય પ્રથમદિવસે મેઘમાશ્લિષ્ટસાનુ । વપ્રક્રિડા પરિણતગજપ્રેક્ષણીયં દદર્શ ।'*

એનો અર્થ એ થયો કે અષાઢ માસના પહેલા દિવસે પહાડોની ચોટી પર ઝૂકેલા મેઘને વિરહી યક્ષે જોયો તો તેને લાગ્યું કે જાણે એક હાથી પોતાની ધૂનમાં ઝૂમી રહયો હોય.

અષાઢ એટલે જૂનને વરસાદનો મહિનો પણ કહે છે. આજથી ૧૭૦૦ વર્ષ પહેલા મેઘદૂત લખાઈ ત્યારે પણ કેટલા ફિકસ મહિનાઓમાં જ વરસાદ થતો હતો. આજે પણ એવું જ થાય છે. આવી જ ખાસ ભૌગોલિક ઘટનાને મોન્સૂન કહેવા છે.

સામાન્ય બોલચાલની ભાષામાં ભારે વરસાદને મોન્સૂન કહેવાય છે. પરંતુ વૈજ્ઞાનિકોએ એને પોતાની દ્રષ્ટિએથી સમજાવ્યું છે. મોનસૂનની સાઈન્ટિફિક ડેફિનેશન એ છે કે હવામાન બદલવાથી હવાઓની દિશા બદલવી અને વરસાદ આ જ હવાઓની દિશા બદલવાનું પરિણામ છે.

મોન્સૂન અરબી શબ્દ 'મૌસિમ' પણ આવ્યો છે. આ જ મોસિમથી હિન્દી શબ્દ 'મોસમ' પણ આવ્યો છે. અરબી ભાષામાં મોસિમ શબ્દનો અર્થ ઋતુ એટલે કે સીઝન હોય છે.

## મેઘના 12 પ્રકાર (વરસાદના 12 પ્રકાર)

**ફરફર:** માત્ર રૂવાડાં ભીના થાય એવો વરસાદ

**છાંટા:** ફરફર કરતાં વધુ પણ પ્રમાણમાં ઘણો ઓછો વરસાદ

**ફોરાં:** છાંટા કરતા વધારે. જમીન પર પડતું ટીપું એકાદ ઈંચ જગ્યાને પલાળે એવો વરસાદ

**કરાં:** ફોરાં કરતા મોટા ટીપાં, જે બરફ રૂપે વરસે

**પછેડી વા:** પછેડી હોય તો રક્ષણ મળે તેવો વરસાદ

**નેવાંધાર:** ઘરના નળિયા સંતુપ્ત થઈ જાય પછી ટપકવા માંડે એવો વરસાદ

**મે:** ખેતરમાં પાકને જીવતદાનમળે એટલો વરસાદ

**અનરાધાર:** છાંટા કે ફોરા એકબીજાને અડી જાય, જાણે ધાર પડતી લાગે એવો વરસાદ

**મુશળધાર કે સુપડાધાર:** બે ચાર ધારા ભેગી થઇને એકધારી વરસતી રહે તેવો વરસાદ. જાણે સુપડામાંથી પાણી પડતું લાગે.

**ઢેફા ભાંગ:** ખેડેલા ખેતરોની માટીના ઢેફાને ભાંગે એવો વરસાદ આનેવાવણી જોગ પણ કહેવાય.

**પાણ - મે:** ખેતરના કયારાઓ પાણીથી ભરાઈ જાય. પાણી જમીનમાં ઉતરે કૂવાની સપાટી ઉંચી આવે.

**હેલી:** આ ૧૧ પ્રકારના વરસાદનું મિશ્રણ વરસ્યા કરે. અઠવાડિયા સુધી કોઈપણ પ્રકારનો વરસાદ ચાલુ રહે તેને હેલી વરસી એવું કહેવાય છે.

નામ : ખુંટ ખુશી ભાવેશભાઈ    ધોરણ–૭    વર્ગ – અ

## *Nothing worth living happens in the comfort zone...!!!*



"કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કેવી રીતે અવાય?" કમ્ફર્ટ ઝોન એટલે જેમાં સલામતી અને સહુલિયતનો અહેસાસ થાય તે. માણસ કામના, સંબંધના, વિચારોના, લાગણીઓના, પૈસાના સુખના, ઇવન દુઃખના કમ્ફર્ટ ઝોનમાં હોઈ શકે. કોઈપણ બાબતની પરિચિતતા કમ્ફર્ટ ઝોન બનાવે. આપણે એવું માનતા થઈ જઈએ કે આ જે છે તે ઓછામાં ઓછું ખરાબ છે અને તેની બહાર જે છે તે આના કરતાં પણ ખરાબ છે.

સાદી ભાષામાં પરપોટામાં રહેવું તે. તેમાં વ્યક્તિને એવો અહેસાસ થાય કે તેની આસપાસની પરિસ્થિતિ પર તેનો અંકુશ છે અને બહાર નીકળીશ તો હું નોંધારો થઈ જઈશ. ચિંતામુક્ત અને સ્ટ્રેસમુક્ત રહેવાય છે એટલે આપણે આપણી આસપાસ એક સુરક્ષિત પરપોટો ઊભો કરી દઈએ છીએ. કમ્ફર્ટ ઝોન એટલે જોખમ વગરની જિંદગી. આત્મવિશ્વાસનો અભાવ હોય, મોટિવેશન ન હોય અને ક્ષમતાઓ પ્રત્યે આત્મસન્માનની ભાવના ન હોય, ત્યારે વ્યક્તિ કમ્ફર્ટ ઝોનમાં સીમિત થઈ જાય છે.

કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવાનો સોથી સરળ રસ્તો એ વિચારવાનો છે કે સવારે ઉઠીને આખા દિવસ દરમિયાન હું એવું શું કરું છુ ગઇકાલે કર્યું હતું તેના કરતાં જુદું અને ચેલેન્જિંગ હોય? દાખલા તરીકે, મેં હમણાં 30 દિવસની અંદર એક પુસ્તક પૂરું કરવાની ચેલેન્જ જાતને આપી છે. તેના પરિણામે મારુ બધું રૂટિન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને 'ઊંઘ હરામ' થઈ ગઈ છે. મને આ ચેલેન્જ લેવાની કોઈ અન્ય મજબૂરી નથી, હું એ ન કરું તે માટે પાસે એક હજાર કારણો અથવા બહાનાં (કમ્ફર્ટ ઝોન) છે, પરંતુ કરવા માટેનું એક જ કારણ છે; જાતને નિયમિત ધાર પર રાખવી. આ એક કારણ એક હજાર કારણો પર ભારે પડે છે.

આપણે જ્યારે આપણી બનાવેલી આઇડેન્ટિટી ( "હું તો આવો જ છું" અથવા "હું તો આવી જ છું") ને તોડીને નવી આઇડેન્ટિટી ઉભી કરવા પ્રયાસ કરીએ છીએ ત્યારે આપણે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને ગ્રોથ ઝોનમાં પ્રવેશીએ છીએ. એક અઘરું લક્ષ્ય નક્કી કરો અને તેને સાકાર કરવા માટેની યોજના પર કામ કરો. થોડી-થોડી સફળતા મળશે તો પણ કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાની પ્રોસેસ શરૂ થશે.

બચ્ચું આવી જ રીતે ઈંડુ તોડીને બહાર આવે છે. ઇંડાની અંદર કમ્ફર્ટ છે, બહાર ગ્રોથ છે. -

# પ્રધાનમંત્રીએ બિહારના રાજગીરમાં નાલંદા વિશ્વવિદ્યાલય પરિસરનું ઉદઘાટન કર્યું






પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારનાં રાજગીરમાં નાલંદા વિશ્વવિદ્યાલયનાં નવા પરિસરનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન સમારંભમાં ૧૭ દેશોના મિશનના પ્રમુખો સહિત અનેક પ્રતિષ્ઠિત લોકો ઉપસ્થિત રહયા હતા.

આ યુનિવર્સિટીની કલ્પના ભારત અને ઈસ્ટ એશિયા સમિટ (EAS) દેશો વચ્ચે જોડાણ તરીકે કરવામાં આવી છે. નાલંદા યુનિવર્સિટી કેમ્પસમાં બે એકેડેમિક બ્લોકસ છે. જેમાં ૪૦ વર્ગખંડો છે. જેમાં કુલ બેઠક ક્ષમતા લગભગ ૧૯૦૦ જેટલી છે.

અહીં બે ઓડિટોરિયમ છે. જેમાં પ્રત્યેકમાં ૩૦૦ બેઠકોની ક્ષમતા છે. લગભગ ૫૫૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી વિદ્યાર્થી છાત્રાલય અને અન્ય વિવિધ સુવિધાઓ છે. જેમાં એક આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, એક એમ્ફિથિયેટર છે જેમાં ૨૦૦૦ વ્યકિતઓને સમાવી શકાય છે. એક ફેકલ્ટી કલબ અને એક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનો સમાવેશ થાય છે.

આ પરિસર એક 'નેટ ઝીરો' ગ્રીન કેમ્પસ છે. તે સોલાર પ્લાન્ટ, ડોમેસ્ટિક અને ડ્રિન્કિંગ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ગંદા પાણીના પુનઃઉપયોગ માટે વોટર રિસાયકિંલગ પ્લાન્ટ, ૧૦૦ એકર જળાશયો અને અન્ય ઘણી પર્યાવરણને અનુકૂળ સુવિધાઓ સાથે સ્વનિર્ભર છે.

મૂળ નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના લગભગ ૧૬૦૦ વર્ષ પહેલા કરવામાં આવી હતી. જેને વિશ્વની પ્રથમ નિવાસી યુનિવર્સિટીમાંથી એક ગણાવામાં આવે છે.

નાલંદા અવશેષોને ૨૦૧૬માં યુએન હેરિટેજસાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

નાલંદા વિદ્યાપીઠ બિહાર રાજયના જિલ્લામાં બડગાંવ ગામ પાસે આવેલી હતી. નાલંદા ભારતીય સંસ્કૃતિનું તીર્થધામ હતું. તે બૌધ્ધ ધર્મનું કેન્દ્ર હતું. ૫મી સદીમાં કુમારગુપ્ત રાજાએ અહીં એક વિહાર બંધાવ્યો હતો. મહાવીર સ્વામીએ અહી ચૌદ ચાતુર્માસ કર્યા હતા. તેથી જૈન ધર્મનું તીર્થ બન્યુ હતું. અહીનો ગ્રંથાલય વિસ્તાર 'ધર્મગંજ' ના નામથી ઓળખાતો હતો. ૭મી સદીમાં ચીની પ્રવાસી યુઅન–શ્વાંગે આ વિદ્યાપીઠમાં રહીને બૌધ્ધધર્મનાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તે ચીન પાછો ગયો ત્યારે ૬૫૭ જેટલા હસ્તલિખિત ગ્રંથો સાથે લઈ ગયો હતો.

રાજગીર અથવા ચોથી સદી પૂર્વે મગધની રાજધાની હતી. સંસ્કૃતમાં 'રાજગૃહ' અને પાલીમાં 'રાજગૃહ' લગભગ ઈ.પૂ. ૬૦૦ની આસપાસ મગધ રાજયની રાજધાની હતી.

આ શહેર પર્વતોના વલયોથી ઘેરાયેલું હતું અને તેથી, ઘેરો કરવો મુશ્કેલ હતો. રામાયણમાં ઉલ્લેખ છે કે આ રાજધાનીની સ્થાપના રાજા વાસુ ધ્વારા કરવામાં આવી હતી અને તેથી તે વસૂમતી તરીકે જાણીતી હતી.

રાજગૃહ બુધ્ધના સમયની આસપાસ મગધ રાજા બિંબિસારની રાજધાની હતી અને તેની સંપતિ અને ભવ્યતા માટે પ્રખ્યાત હતી. જયારે મગધ સામ્રાજયની રાજધાની પાટલીપુત્ર વર્તમાન પટણામાં ખસેડવામાં આવી ત્યારે રાજગીરનું રાજકીય મહત્વ ઘટી ગયું.

એવું કહેવાય છે કે ભગવાન મહાવીરે ઈ.પૂ.૫૨૭ – ૪૯૭ની આસપાસ રાજગીર અને નાલંદામાં ૧૪ વરસાદી ઋતુઓ વિતાવી હતી. તેમણે વિપુલા ટેકરી પર પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો.

# ભારતીય સેનાને પ્રથમ સ્વદેશી આત્મઘાતી ડ્રોન મળ્યા : નાગાસ્ત્ર–૧




ભારતીય સેનાને સ્વદેશી આત્મઘાતી ડ્રોન નાગાસ્ત્ર–૧ ની પ્રથમ બેચ મળી ગઈ છે. જેમાં ૧૨૦ ડ્રોન છે. દુશ્મનના બંકર, ચોકીઓ, હથિયાર ડેપોને ખતમ કરી દેશે.

આ આત્મઘાતી ડ્રોનને સેના લોઈટરિંગ મ્યુનિશન કહેવામાં આવે છે. જેને આત્મઘાતી ડ્રોન અથવા કામિક્રેઝ ડ્રોન તરીકે પણ ઓળખવામાં આવે છે.

આત્મઘાતી ડ્રોન નાગાસ્ત્ર–૧ ને ઈકોનોમિકસ એકસપ્લોસિવ લિમિટેડ કંપની અને જેડ મોશન ઓટોનોમોસ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડે તૈયાર કર્યા છે. બંને કંપનીઓ સોલાર ઈન્ડસ્ટ્રીઝની સબસીડીરી છે.


સેનાને કુલ ૪૫૦ નાગાસ્ત્ર આપવામાં આવશે. તેનું પરીક્ષણ ચીનની સરહદ નજીકમાં કરવામાં આવ્યું છે. એટલે કે ભવિષ્યમાં સર્જીકલ સ્ટ્રાઈક માટે ફાઈટર જેટની જરૂર નથી.

લોઈટરિંગ મ્યુનિશન (જેને આત્મઘાતી ડ્રોન અથવા કામિક્રેઝ ડ્રોન તરીકે પણ ઓળખવામાં આવે છે) એ એરિયલ વેપન સિસ્ટમ છે. આ ડ્રોન હવામાં લક્ષ્યની આસપાસ ફરે છે અને હુમલો કરે છે.

નાગાસ્ત્ર–૧ ડ્રોનની રેન્જ ૩૦ કિમી સુધીની છે. તેનું એડવાન્સ વર્ઝન બે કિલોથી વધુ દારૂગોળો વહન કરવામાં સક્ષમ છે. તેનો ઉપયોગ દુશ્મનના ટ્રેનિંગ કેમ્પ, બેઝ અને લોન્ચ પેડસ પર હુમલો કરવા માટે કરવામાં આવશે. ચોકકસ હુમલો તેના સેન્સર પર આધાર રાખે છે. આત્મઘાતી ડ્રોન સાયલન્ટ મોડમાં અને ૧૨૦૦ મીટરની ઉંચાઈએ ઓપરેટ કરવામાં આવે છે. જે તેને શોધવાનું મુશ્કેલ બનાવે છે.

આ ડ્રોન એક ઉડાનમાં ૬૦ મિનિટ સુધી હવામાં રહી શકે છે. જો લક્ષ્ય ન મળે તો તે પણ પરત ફરશે. તેનું સોફટ લેન્ડિંગ પેરાશૂટ ધ્વારા કરી શકાય છે.

# ભૂજના સ્મૃતિવન ભૂકંપ સ્મારકને વિશ્વના સૌથી સુંદર ૭ મ્યુઝિયમમાં સ્થાન



UNESCO ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત Prix Versallies એવોર્ડ અંતર્ગત ભૂજના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ભારતના કોઈ મ્યુઝિયમને પહેલીવાર આ પ્રકારે સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યકિત માટે વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે.




સ્મૃતિવન ધરતીકંપ મેમોરિયલ મ્યુઝિયમ, જેનું ઉદ્ઘાટન 28 ઓગસ્ટ 2022ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધ્વારા કરવામાં આવ્યું હતું. તે 2001 ના વિનાશક ભૂકંપ દરમિયાન ગુમાવેલા લોકોની જીવનની યાદમાં બનાવવામાં આવ્યું છે.

11,500 ચોરસ મીટરમાં ફેલાયેલું, મ્યુઝિયમ સાત વિષયોના બ્લોકસમાં ગોઠવાયેલું છે. પુનઃજન્મ, પુનઃશોધ, પુનઃસ્થાપિત, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનર્જીવિત અને નવીનીકરણ–દરેક તેના મિશન અને મહત્વના વિવિધ પાસાઓને પ્રતિબિંબિત કરે છે.

## ભારતની દિવ્યા દેશમુખ વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયન

ગુજરાતના ગાંધીનગરમાં 1 થી 14 જૂન વચ્ચે આયોજિત થયેલા વર્લ્ડ જૂનિયર ચેસ ચેમ્પિયનશિપ 2024ની અન્ડરv20 ગર્લ્સ કેટેગરીમાં મહારાષ્ટ્રની દિવ્યા દેશમુખ ચેમ્પિયન બની છે. 15 વર્ષના અંતરાલ પછી ભારતનું પ્રથમ વર્લ્ડ જૂનિયર ટાઈટલ છે.

નાગપુર (મહારાષ્ટ્ર)ની દિવ્યા એ કોનેરુ હમ્પી (2001) દ્રોણાવલ્લી હરિફ (2008) અને સૌમ્યા સ્વામીનાથન (2009) પછી જુનિયર ટાઈટલ જીતનારી ચોથી ભારતીય છોકરી બની છે.



## વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ

વર્લ્ડ જૂનિયર ચેસ ચેમ્પિયનશિપની શરૂઆત 1951 માં 20 વર્ષથી ઓછી વયના ચેસ ખેલાડીઓ માટે કરવામાં આવી હતી.

શરૂઆતમાં, તે દર બે વર્ષ યોજાતી હતી. પરંતુ 1973 થી તે વાર્ષિક યોજાય છે.


1982માં છોકરીઓને પણ ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની મંજૂરી આપવમામાં આવી હતી.



## વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનશિપના ભારતીયવિજેતા

| ક્રમ | ખેલાડી | વર્ષ |
|---|---|---|
| 1 | વિશ્વનાથન આનંદ (પુરૂષ) | 1987 |
| 2 | પેન્ટલા હરિકૃષ્ણા (પુરૂષ) | 2004 |
| 3 | અભિજીત ગુપ્તા (પુરૂષ) | 2008 |
| | મહિલા વિજેતા | |
| 4 | કોનેરુ હમ્પી | 2001 |
| 5 | હરિકા દ્રોણાવલ્લી | 2008 |
| 6 | સુમ્યા સ્વામીનાથન | 2009 |
| 7 | દિવ્યા દેશમુખ | 2024 |

# 10 TIPS TO HELP YOU STUDY SMARTER, NOT LONGER



## 01 - Use Active Learning Techniques

Engage with your study material actively by summarising key points, asking yourself questions, and teaching the concepts to a friend or family member.

## 02 - Diversify your Resources

Mix up your study materials ! Use books, watch educational videos, and take online courses to get different perspectives and reinforce your learning.





## 03 - Create a Study Schedule

Plan out your study sessions ahead of time. This will help you stay on track and avoid the stress of last-minute cramming.

## 04 - Teach What You've Learned

Solidify your understanding by explaining concepts to others. You can do this in study groups, or even pretend you're teaching a class.





## 05 - 5Set Specific Goals

Before you start studying, set clear, achievable goals for what you want to accomplish in each session. This keeps you focused and motivated.



## 06 - Stay Healthy

Make sure you're getting enough sleep, eating nutritious meals, and exercising regularly. Your brain functions best when your body is well cared for.

## 07 - Avoid Multitasking

Focus on one subject or task at a time. This helps improve the quality of your study sessions and ensures you fully understand each topic.





## 08 - Take Regular Breaks

Use the Pomodoro Technique-study for 25 minutes, then take a 5-minute break. This method helps maintain your concentrations and prevent burnout.

## 09 - Use Mnemonics

Make learning fun and easier by creating acronyms, rhymes, or associations for complex information. This can helps you remember things more effectively.






## 10 - Practice Retrieval

Test yourself regularly on the material you've learned. This practice helps reinforce your memory and highlights areas where you need more review.

# Science Experment -Magic Milk





**You need :**

A shallow dish Whole milk Food coloring Dish soap Cotton swabs

**Instructions :**

Pour some milk into the shallow dish till it cover the bottom.
Add drops of food colour to the milk and spread it around with a spoon.
Dip the cotton swab into the dish soap.
Then dip the cotton swab in the centre of the shallow dish. Hold it for a few seconds.
Watch what happens to the colour.


**Explanation :**

Whole milk has fat in it. When the dish soap is added to it, the fat moves around in the milk. This causes a swirling effect. As food colour is added to white milk, it makes a pretty colour pattern.

# PUZZLE GAME

## Help the bee to find the way






## Find-A-World

COSTUME
COUSIN
FUDGE
KITCHEN
SWIFT
WINDOW
PROMPT
PLUMP
COTTON
SHOCK
OLIVE
STOMP
IMITATE
FLING
FOLLOWER
TWISTER
SUDDENLY
CRUNCH
OCTOPUS
SWITCH
CHIMPANZEE
BUILDING
SHRIMP
IMPORTANT
OBSTACLE

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| C | O | S | T | U | M | E | W | L | C | O | T | T | O | N |
| H | O | L | U | S | R | S | H | O | C | K | A | U | S | L |
| I | B | U | A | D | B | U | I | L | D | I | N | G | L | R |
| M | S | S | S | A | D | S | I | M | I | T | A | T | E | I |
| P | T | O | L | I | V | E | C | I | W | C | I | R | S | M |
| A | A | L | R | W | N | I | N | W | S | H | R | I | M | P |
| N | C | U | S | T | O | M | P | L | R | E | C | L | U | O |
| Z | L | R | W | I | S | C | A | S | Y | N | A | S | I | R |
| E | E | P | I | A | F | U | D | G | E | Y | T | W | R | T |
| E | C | R | T | L | L | C | U | S | W | S | W | I | C | A |
| A | R | O | C | U | R | S | Y | R | I | C | I | F | P | N |
| L | U | M | H | L | W | F | L | I | N | G | S | T | L | T |
| U | N | P | S | R | L | A | Y | R | D | A | T | L | U | Y |
| O | C | T | O | P | U | S | S | W | O | C | E | Y | M | S |
| R | H | A | W | F | O | L | L | O | W | E | R | A | P | L |

# COLOURS DAY


TOGETHER MAY
GIVE OUR CHILDREN
THE
TO GROW AND
THE WINGS TO


RED DAY CELEBRATION


YELLOW
CELEBRATION


YELLOW DAY CELEBRATION


GREEN DAY


GREEN DAY

# COLOURS DAY


WELCOME


EDUCATION IS KEY OF SUCCESS


PINK DAY CELEBRATION


PINK DAY CELEBRATION





# FIRE TRAININIG











# GURUPURNIMA

























# HURDLE RACE











# PAPET SHOW













# RELAY RACE











# STD 11 QUIZ SHOW
















# પંચશીલ સ્કૂલ



ઉપરના સોશિયલ મીડિયા આઇકન ઉપર કલીક કરી આપણી સ્કૂલ સાથે કનેકટ થઈએ